સર્ગ ૪

ખોજ

ખોજમાં નીકળેલી સાવિત્રીની સમક્ષ પૃથ્વી ઉપરના માર્ગો મોકળા થતા ગયા. આરંભમાં આવતાં નવાં નવાં દૃશ્યોએ એની દૃષ્ટિને રોકી રાખી, પરંતુ જેમ જેમ એ આગળ વધતી ગઈ તેમ તેમ એક ઊંડી ચેતના એનામાં ઊભરાઈ આવવા લાગી. પછી તો આવ્યા કરતા પ્રદેશો જાણે પોતાના જ હોય એવું એને લાગવા માંડ્યું. આ પહેલાં પોતે અનેક દેશોમાં ને દેશવાસીઓમાં જન્મી હતી, અનેક નગરો, નદીઓ અને ખુલ્લા પ્રદેશો એણે જોયા હતા, અનેક કુળોને ને લોકોને એણે પોતાના બનાવેલા હતા એવો ભાવ એનામાં જાગતો રહ્યો. રાતે સ્ફુરતા આકાશના તારાઓ એના મિત્રો હતા, વાતા વાયુઓ કાનમાં પુરાણી વાતો કહેતા હતા, એકવારના ચાહેલા અનામી સાથીઓ એને માર્ગમાં મળતા. બધું જ ભુલાઈ ગયેલી જૂની જાતોના એક ભાગરૂપ હતું. અત્યારે પોતે જે કરી રહી હતી તે યાત્રા પણ પોતે પહેલાં કરેલી યાત્રાનું જાણે પુનરાવર્તન હોય એવું એને લાગવા માંડ્યું. પોતે અત્યારેય એક પૂર્વનિશ્ચિત લક્ષ્ય પ્રત્યે જ જઈ રહી હતી. સર્વ માટે હોય છે તેમ એને માટે નિમાયેલા દેવતાઓ અદૃશ્ય સ્વરૂપે એનાં રથચક્રોને ચલાવી રહ્યા હતા. સાક્ષીરૂપ રહીને તેઓ એના ભાગ્યની રચના રચી રહ્યા હતા. પૂર્વના જન્મોએ ગૂંથેલું એક અખંડ સૂત્ર એમના હાથમાં ઝલાયેલું હતું. માણસે પોતે રળેલાં સુખોની ને આમંત્રેલાં દુ:ખોની પ્રત્યે તેઓ એને દોરી જાય છે. એનાં આકસ્મિક પગલાંમાં પણ વચ્ચે પડે છે. આપણે જે કંઈ કરીએ છીએ તેમાંનું કશું જ અવરથા થતું નથી. આ દેવતાઓ આપણા અમર્ત્ય ભૂતકાળને આપણે માટે સાચવી રાખે છે. એમણે આપણા ભાગ્યને આપણી કરણીનું બાળક બનાવ્યું છે. આપણાં ભુલાઈ ગયેલાં કર્મોનું ફળ આપણે ભોગવીએ છીએ.

આપણા જીવનમાં જે કંઈ બને છે તે બાહ્ય દૃષ્ટિએ જોતાં જડ જગતના કાયદાઓ અનુસાર થતું હોય એવું લાગે છે, છતાં હકીકત જુદી જ છે. આપણો ભૂતકાળ આપણા વર્તમાનને માટે જવાબદાર છે અને આપણા ભાગ્યવિધાયક દેવતાઓ પોતેય એક પરમોચ્ચ સંકલ્પનાં કેવળ હથિયારો છે. એક સર્વદર્શી સ્થિર આંખ ઊર્ધ્વથી અવલોકી રહી છે. આપણા ભાગ્યને ને યદૃચ્છાને પહેલેથી જાણનારો એક શિલ્પી પૂર્વદૃષ્ટ યોજનાનુસાર આપણાં જીવનોને ઘડી રહ્યો છે. આપણા એકેએક પગલાનું એને જ્ઞાન છે. નીચેની સ્ખલનો કરતી શક્તિઓ ઉપર એ ચોકીપહેરો

રાખે છે.

પોતાના મસ્તક ઉપર એક શાન્ત સાન્નિધ્ય વિરાજમાન છે એવું સાવિત્રીને લાગતું હતું. લક્ષ્યની ઉપર એની આંખ ઠરેલી છે ને માર્ગનો ભાગ્યનિર્ણાયક એકેએક વળાંક એ પસંદ કરે છે. આપણું શરીર એનું પાદપીઠ છે, આપણી રઝળતી દૃષ્ટિ એની અન્વેષક અર્ચિષ છે, લગામ ઝાલનાર હસ્ત એનું જીવંત ઓજાર છે. આપણું જીવન એક પ્રાક્તન યોજનાનું ચાલી રહેલું કાર્ય છે ને ભૂલ ન કરે એવો ભોમિયો માર્ગ તૈયાર કરતો હોય છે.

આ સર્વોચ્ચ સાન્નિધ્યથી દોરવાયેલો સાવિત્રીનો રમણીય રથ હંકારાતો હતો. શરૂઆતમાં એ વસ્તીવાળા પ્રદેશોમાં પ્રવેશ્યો. એણે નગરોના કોલાહલો સાંભળ્યા, કિલ્લાઓ, બુરજો ને ગરવાં ગોપુરો દીઠાં, બાગોની બાજુએ થઈ એ આગળ ચાલ્યો; મોટાં મોટાં સભાગૃહોને એણે પસાર કર્યાં, માનવ જીવન ઉપર મમતાળુ આંખ રાખતી દેવળોમાંની દેવપ્રતિમાનાં દર્શન કર્યાં, દેશનિકાલ થયેલા દેવોએ પોતાની નષ્ટ શાશ્વતીના અનુકરણમાં કોતરી કાઢેલાં ગુહામંદિરોનોય મહિમા માણ્યો. સાવિત્રીએ માર્ગમાં રાજમહેલોની મહેમાનગીરી સ્વીકારી ને રાજશાહી રાત પસાર કરી સવારે પાછો જનપદનો માર્ગ લેવાનો રાખ્યો, ને ત્યાં નાનાં મોટાં ગામડાંઓની સાદી, સીધી, મહેનતમજૂરી ભરી ને રૂઢ રીતે ચાલતી જિંદગીય જોઈ.

સાવિત્રી હવે વનવિસ્તારમાં પ્રવેશી. મનુષ્યજાતિનાં સુખદુ:ખ, ચિંતાઓ અને વિટંબણાઓ હજુ જ્યાં પ્રવેશવા પામ્યાં ન 'તાં ત્યાં એનો રથ આગળ વધ્યો. એ હતી આદિકાલની બાલભૂમિ. ઘાસનાં બીડ વિસ્તર્યાં હતાં, ઝાડી ને પહાડીની લીલમ લહેરો હતી, વૃક્ષઘટાઓમાં મધુકરોનાં મંજુલ ગુંજનો હતાં, સ્રોતોના રૂપેરી રય લય લહેરાવતા હતા, ત્યાં એ સૌની વચમાં થઈને કાંચની કાંતિ ધરતી કન્યકાનો રથ દોડચે જતો હતો.

પ્રાચીન અને પ્રશાંત આ પ્રદેશોએ ઘોડાના દાબડાનો અપરિચિત અવાજ સાંભળ્યો. લીલમિયાં જટાજૂટધારી એકાંત મૌનોએ સાવિત્રીને પોતાની અંદર લીન બનાવી. રંગીન ફૂલડાંની જાદૂઈ જાળે રથનાં પૈડાં પકડી લીધાં. કાળે કોમળ પગલે ચાલવાનું રાખ્યું. એકાંતના સ્વર પ્રત્યે અંતરના કાન મંડાયા. જીવન પાછળના મૌનમાંથી ઊઠતા સ્વરહીન વિચારના છંદોલય સાંભળી શકાયા. સૂર્યચુંબિત પૃથ્વીનો અનુચ્ચારિત મધુર સ્વર ઊર્ધ્વે આરોહતો હતો. પૃથ્વીમાતાનો મૂક અને ધીર પ્રેમ અનુભવાતો. ઘવાયેલો જીવ વ્રણમુક્તિ મેળવતો. પૃથ્વીમાતાએ આપણે માટે ત્યાં ચિંતનની ગહનતાઓ રાખી હતી; આનંદોલ્લાસ માટેનાં સુંદર સ્થાનો સાચવી રાખ્યાં હતાં. સરસ્વતી માટે પ્રતીકાત્મક ગુહ્યો ને પવિત્રતાના પ્રસાદ માટે કંદરાઓ હતી. પર્વતો પ્રભાતની વેદિઓ બનતા, મહારણ્યો સ્તોત્રગાનો ગાતાં. આનંદનાં ક્ષેત્રો ખૂટતાં નહિ. પક્ષીઓ કલરવ કલ્લોલગાનો કરતાં, સુવાસી પુષ્પો પરાગની રેલમછેલ મચાવતાં, ચાંદનીની ચારુતા અરણ્યોને આચ્છાદિત કરી દેતી. તારા-

મંડળનાં ઝુમ્મરો આકાશને અલૌકિક બનાવી દેતાં ને છાયાછાઈ રાત્રિની અનંતતામાં હજારો હિલચાલો ચાલતી.

સાવિત્રીએ અવનીના અંતરમાં સર્જનહારનું સાન્નિધ્ય અનુભવ્યું. એની દૃષ્ટિમાં રહી એ હર્ષોલ્લાસ લહેતી, પડદા પાછળના પ્રકાશ સાથે પ્રશ્નોત્તરી કરતી, પારની શાશ્વતતા સાથે આત્માનું અનુસંધાન સાધતી.

થોડાક અધિકારી આત્માઓ ત્યાં આમંત્રાતા ને પૃથ્વી તેમને પોતાની સુખ-શાંતિના ભાગીદાર બનાવી દેતી. પ્રકૃતિના પ્યારા તેઓ એના વિશાળા વિસ્તારોમાં વસવાટ કરતા યા તો એનાં શૈલશિખરો સેવતા. તેજસ્વી રાજર્ષિઓ પોતાના પાર વગરના રાજકાજમાંથી નિવૃત્ત થઈ ખેલેલાં યુદ્ધોનો થાક ઉતારવા અહીં આવતા ને નિર્ભય પશુપક્ષીઓના સહવાસમાં રહેતા, પ્રસન્નતા આપતાં પ્રફુલ્લ પુષ્પોના પડોશી બની જતા. ત્યાં તેઓ પ્રકૃતિનાં સત્ત્વો અને તત્ત્વો સાથે એકતા સાધતા. સૂર્યપ્રકાશ એમનો સંગી બની જતો, પર્ણોનો મર્મરાટ એમને મંત્રો સુણાવતો, તારાઓ એમને ચિંતનમગ્ન બનાવી દેતા, ઉષાઓ, સંધ્યાઓ, મધ્યાહ્નો અને મધરાતો એમના આત્માઓમાં અમર અંકાઈ જતાં.

કેટલાક આરણ્યકો અંતરાત્માના એકાંત આવાસમાં નિજાનંદના સહવાસી બની જતા, મુદામગ્ન મૌનમાં શ્રુતિઓ સાંભળતા અને દિવ્યતાનાં દર્શન કરાવનાર પ્રકાશને પ્રત્યક્ષ અનુભવતા. એમનામાં અપાર પ્રેમ પ્રકટ થતો ને એમને એ સર્વ સાથે એકાકાર બનાવી દેતો.

કેટલાક બંદિ બનાવતા મનની ગ્રંથિઓને છોડી નાખતા અને સાક્ષીની દૃષ્ટિથી સારા સંસારને અક્ષુબ્ધ ભાવે અવલોકતા. પ્રકૃતિની પ્રત્યે તેમની અધ્યાત્મ દૃષ્ટિ ઊઘડી જતી, શિખરોનાય શિખર પર તેમનું આરોહણ નિત્યનું બની જતું. પરમ સત્ય એમની ઉપર ઝૂકતું ને એમની સામે શાશ્વતીના નિગૂઢ ભાસ્કરો ભભૂકતા.

કેટલાક અનિકેત આત્માઓ મુનિવ્રત પાળતા, નિસ્પંદ બની જતા, કામના-ઓમાંથી મુક્તિ મેળવતા. જટાજૂટધારી મહાત્માઓ અકલંક સ્વરૂપે અ[illegible]ાનાં શિખરોએ સમાધિલીન વિરાજતા ને અંત માટે અનંતના આદેશની વાટ જોતા. ઋષિવરો વિશ્વાત્માના શિવ સંકલ્પ સાથે સુમેળ સાધીને રહેતા અને સર્વેને સુસ્મિત સમર્પનાર પરમાત્મદેવમાં નિવાસ કરી ત્રિવિધ તાપમાંથી મુક્તિ મેળવતા.

આવા આ મહાત્માઓની આસપાસ એક સુભગ શિષ્યમંડળ ઊભું થતું. એમના સ્પર્શથી એમનાં જીવન ઘડાતાં. એ શિષ્યોને સરળતાનું, કલ્યાણ-કર્મનું ને સજીવ શબ્દનું વરદાન શિક્ષણમાં મળતું. એમના આત્માઓ અંદરથી વિશ્વવિશાળતા પ્રત્યે વિકાસ પામતા. જીવનની ઉન્નત અવસ્થાઓને પોતાની બનાવતા તેઓ ઊંચે આરોહતા. એમનો સર્વતોમુખી સદ્-વિકાસ સધાતો.

વળી દૂર દૂરના દેશોમાંથી સજજીવનના સાધકો અને ઉચ્ચતર જ્ઞાનના જિજ્ઞાસુઓ ફરતા ફરતા આશ્રમોમાં આવતા અને પરમાત્મજીવનના આ ઉત્સોનું સેવન કરતા.

એમના આત્માની તરસ ત્યાં છીપતી, અપાર શાંતિની સંપત્તિ એમને સુલભ બનતી, ઋષિમુનિઓની કૃપાદૃષ્ટિથી તેઓ પાવન અને પ્રસન્ન થતા અને એ મહાત્માઓના વાતાવરણમાં પ્રભુતામાં પ્રવેશ મેળવતા.

દેશદેશાવરના રાજપુત્રો આર્યતાના અભ્યાસ માટે ત્યાં આવીને ઋષિરાજોને ચરણે બેસતા. એ સર્વજ્ઞાનના વિશ્વકોષો એમને માટે પ્રેમથી ઠલવાતા અને એ દીક્ષાધારી કુમારોને રાજનીતિનો રૂડો પરિચય થતો, રાજરીતિ એમને માટે સહજ બની જતી. આ વીરબાળકો ત્યાંની વ્યોમવિશાળતાઓમાં મુકત વિહાર કરતા અને એમના મુખ ઉપર દેવકુમારોની મુદ્રાછાપ દીપી ઊઠતી. વિશ્વાત્મકતા પ્રત્યે પ્રેરતી ભાવની ભવ્યતા તેમનામાં ખીલતી, પામરતામાંથી તેઓ મુકત થઈ જતા, સનાતનના હાથથી પાકા ઘડાતા, કુદરતની કળાઓ સાથે હળી જઈ ત્યાં ગૂઢ કાર્ય કરી રહેલી શકિતની સેવાનો શુભયોગ સાધતા.

આશ્રમના ઋષિઓની સ્વાભાવિક દૃષ્ટિ હતી સમભાવી એકાત્મકતાની. સૂર્ય જેમ સર્વને એકસમાન ઉષ્મા આપે છે તેમ તેઓ સર્વને આનંદ આપતા. એમના શ્વાસોચ્છ્વાસ હતા પ્રભુના પ્રમોદના. આ દુનિયામાં દેવોના ધીરા પગરણને તેઓ સહાય કરતા, પોતે જીવનમાં જે અમર વિચારોને જીવંત કર્યા હતા તેનાં બીજ તેઓ ઊછરતાં માનસોમાં બોતા, જ્યાં જવાનું છે તે પરમ સત્યનો ઉપદેશ કરતા. થોડાકને માટે તેમને હાથે મોક્ષનાં બારણાં ઊઘડી જતાં. કાળની ધૂંસરીમાંથી છૂટેલા તેઓ જે જ્યોતિના શ્વાસોચ્છ્વાસ લેતા હતા તે જ્યોતિ તેઓ છૂટે હાથે જગતને આપતા. તેઓ બની ગયા 'તા વિશ્વશકિતના સહયોગીઓ અને પવિત્ર પાત્રો. સૂર્યનું છે તેવું સ્વાભાવિક પ્રભુત્વ તેમનું બની ગયું હતું. એમની વાણી તેમ જ એમનું મૌન પૃથ્વીલોકને સહાય કરતું. એમના સ્પર્શે સુખના સ્રોત જાગતા, એમની શાંતિમાં એકતાનું રાજ્ય રહેલું હતું. એમની આગળ શિકારી પ્રાણીઓ પોતાના શિકારની સાથે મિત્ર માફક વર્તતાં, ઝેરવેરનો અંત આવી જતો, માના હૃદયમાંથી ફૂટી નીકળે છે તેવો પ્રેમ ત્યાં ફૂટી નીકળતો. એમનાં હૃદય કઠોર ને ઘવાયેલા જગતના ઘા રુઝાવતાં.

બીજા કેટલાક વિચારને પાર કરી જ્યાં જ્યોતિના જન્મની વાટ જોતું નિસ્પંદ મન આવેલું છે ત્યાં છટકી જતા, અને ત્યાંની અનામી શકિતઓ લઈને પાછા ફરતા, આણુએ આણુએ વિદ્યુતેજી વારુણીથી મદમત્ત બની જતા. એમની અંતઃસ્ફુરિત વાણીમાં જ્ઞાન ઊતરતું, એમની શ્રુતિ સ્વર્ગોને સજાગ કરતો સૂક્ષ્મ સ્વર સાંભળતી; સૂર્યોને સળગાવતી દીપ્તિથી તેઓ દેદીપ્યમાન બની જતા; વિશ્વોની ગતિને પ્રતિબિંબિત કરતા છંદોલયોમાં તેઓ અનંતનાં નામ ગાતા, અમર શકિતઓનાં સ્તોત્ર ધ્વનાવતા.

કેટલાક વ્યકિતભાવ વિનાના ને વિચારવિહીન બની જતા, અપૌરુષેય શકિતના સાગર પર સવાર થતા. અનંતની જ્યોતિ એમની દૃષ્ટિ બની જતી, સનાતન સંકલ્પ

એમનો સખા બની જતો; ભૂત, ભવિષ્ય ને વર્તમાનને તેઓ એકાકાર અવલોકતા.

કેટલાક વિશ્વ સાગરમાંથી ઊડી જતા પંખેરું જેવા નિરંજન નિરાકાર બ્રહ્મમાં લીન થઈ જતા; તો કેટલાક ચાલી રહેલા વિશ્વનૃત્યને ચૂપચાપ જોયા કરતા, કે પોતાની તટસ્થતાથી એને સહાયભૂત બનતા; તો કેટલાક જ્યાંથી કોઈ પાછું ફર્યું નથી એવી મહાસમાધિમાં પ્રવેશતા અને નિર્વાણમાં નિલીન થઈ જતા. કેટલાક કેવળ એક એવા અનિર્વચનીયમાં પહોંચી જતા.

છાંયડામાં થઈ જેમ સૂર્યબિંબ તરતું તરતું આવે છે તેમ કાંચનકાય કન્યકાનો કોતરણીથી મનોરમ બનેલો રથ ધ્યાનધારણાનાં ધામોમાં થઈ આગળ વધ્યો. સાવિત્રી ત્યાં ગોરજસમયે એકાદ કોઈ શાંત પર્ણકુટીમાં રાતવાસો કરતી ને સંધ્યા સમયના હોમહવનના મંત્રોચ્ચારો આત્મામાં ધ્વનાવતી. કોઈ વાર છલંગતા સિંહ જેવી વેગીલી વહેતી સરિતાને કાંઠે ઊભેલાં વૃક્ષો નીચે વાસો કરતી ને એમની ઊર્ધ્વને સમર્પાતી ઉપાસનામાં સામેલ થઈ જતી. પુરાણાં મૌનોની સ્મૃતિ ત્યાં એના અંતરમાં જાગતી ને સનાતનની શાંતિમયતા સાથેની એની સગાઈ સજીવન બની જતી. પરંતુ પોહ ફાટતાં વાર સાવિત્રી પોતાની ઘાસપાંદડાંની પથારીમાંથી ઊભી થઈ જતી અને પોતાની અધૂરી ખોજને માર્ગે આગળ નીકળી પડતી.

આમ જતાં જતાં એ એક મોટા નિર્જન પ્રદેશમાં આવી. ત્યાં થઈને કેવળ મુસાફરોનો માર્ગ વસ્તી તરફ વળતો હતો, અથવા તો કોઈ રડયોખડયો માણસ કુદરતની કક્ષામાં વસવાટ માટે યત્ન કરતો હતો. આસપાસની ભયાનકતાની વચ્ચે વસનાર એ સહાય માટે અદૃશ્ય દેવતાઓને બોલાવતો. પોતાની અનંતતાનું ભાન એનામાં જાગ્યું નહોતું તેથી એ આસપાસની અનંતતાથી પરેશાન થઈ જતો.

સાવિત્રી સમીપ ધરતીનાં મોં બદલાતાં ગયાં. દૂરના એક અનામી અવાજથી એ એને બોલાવતી રહી. માર્ગે તપસ્વીઓનાં એકાંત બનેલા પહાડો આવ્યા, સાવિત્રી આગળ અવગુંઠિત અલૌકિકતાને પ્રકટ કરતાં ને અનેકવિધ આલાપોએ ભર્યાં અરણ્યો આવ્યાં, સ્વપ્ન સેવતાં હોય એવાં મોટાં મેદાનો આવ્યાં. સાવિત્રી ત્યાં સંધ્યાસમયની સુરખીમાં વિશ્રામ કરતી ને સવાર થતાં પાછી પહાડીઓમાં થઈ આગળ ઊપડતી.

અંતે એક જંગલ આવ્યું. તમરાં ત્યાં તમતમતાં હતાં. વાંકાચૂંકા રસ્તા આવ્યા. આગળ વધતાં રણનું વેરાન સૌન્દર્ય જોવામાં આવ્યું. રાતના ત્યાં જનાવરોના અવાજો ઘેરી લેતા 'તા; પણ માનવપુત્રોમાં જે એક ભાગ્યનિર્મિત મુખની શોધ માટે પોતે નીકળી હતી તે એને ન મળ્યું. ગૌરવભર્યું ગગન મહામૌનથી વ્યાપ્ત હતું. સૂર્ય વધારે ને વધારે આકરો બનતો ગયો. વસંતે વિદાય લીધી ને ગ્રીષ્મે એનું ખાલી સ્થાન લઈ લીધું. જ્વાળાની લપકતી જીભે બધું ચાટી લીધું. આકાશે કાંસાના વિશાળ ઢાળાનું સ્વરૂપ ધારણ કર્યું.

ચોથું પર્વ સમાપ્ત